https://www.divyabhaskar.co.in/local/gujarat/ahmedabad/news/edii-21st-convocation-up-governor-anandiben-patel-was-present-as-chief-guest-diplomas-and-fellows-were-awarded-to-147-students-129918373.html?_branch_match_id=1051093382311104573&utm_campaign=129918373&utm_medium=sharing&_branch_referrer=H4sIAAAAAAAAA8soKSkottLXT8ksq0zUTdLLzNOPckz3LfG0KPcuTAIAHu4KPh4AAAA%3D

# EDIIનો 21મો પદવીદાન સમારોહ:UPના રાજ્યપાલ આનંદીબેન પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં, 147 વિદ્યાર્થીઓને ડિપ્લોમા અને ફેલો એનાયત કરાયાં

રાજ્યપાલે ગ્રેજ્યુએટ થયેલાં વદ્યિાર્થીઓને સ્કોલોસ્ટકિ મેડલ્સ પણ એનાયત કર્યાં




ઇડીઆઇઆઇનો અભ્યાસક્રમ અને શૈક્ષણકિ પદ્ધતસિમકાલીન છે- આનંદીબેન પટેલ

દેશમાં ઉદ્યોગસાહસકિતાના શક્ષિણ ક્ષેત્રે અગ્રેસર આંત્રપ્રનિ્યોરશીપ ડેવલપમેન્ટ ઇન્સ્ટટિ્યૂટ ઓફ ઇન્ડયિા (ઇડીઆઇઆઇ)એ શુક્રવારે તેના વશિાળ કેમ્પસમાં 21માં પદવીદાન સમારોહનું ભવ્ય આયોજન કર્યું હતું. તેમાં કુલ 147 વદ્યિાર્થીઓને ડપિ્લોમા અને ફેલો એનાયત કરાયા હતાં, જેમાં 139 પોસ્ટ ગ્રેજ્યુએટ ડપિ્લોમા અને મેનેજમેન્ટમાં 8 વદ્યિાર્થીઓને ફેલો સામેલ હતાં. આ પ્રસંગે ઉત્તર પ્રદેશના રાજ્યપાલ અને ગુજરાતના ભુતપૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ મુખ્ય અતથિતિરીકે ઉપસ્થતિ રહ્યાં હતાં તથા તેમણે પદવીદાન સમારોહને સંબોધન કર્યું હતું. રાજ્યપાલે ગ્રેજ્યુએટ થયેલાં વદ્યિાર્થીઓને સ્કોલોસ્ટકિ મેડલ્સ પણ એનાયત

કર્યાં હતાં. ઇડીઆઇઆઇના પ્રેસિડેન્ટ તથા આઇડીબીઆઇ બેંક લિમિટેડના એમડી અને સીઇઓ રાકેશ શર્માએ કાર્યક્રમની અધ્યક્ષતા કરી હતી.

આ પ્રસંગે ઇડીઆઇઆઇના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ રાજ્યપાલનું સ્વાગત કર્યું હતું. તેમજ ગુજરાત અને ઉત્તર પ્રદેશમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સહિત વિવિધ ટાર્ગેટ ગ્રૂપ વચ્ચે ઉદ્યોગસાહસિકતાને મજબૂત કરવા ઇડીઆઇઆઇએ હાથ ધરેલી કેટલીક પ્રવૃત્તિઓ હાઇલાઇટ કરી હતી. આનંદીબેન પટેલે પદવીદાન સમારોહમાં તેમના પ્રેરણાદાયી વક્તવ્યમાં કહ્યું હતું કે, "મને આનંદ છે કે એક સમાજ તરીકે આપણે ઉદ્યોગસાહસિકતાને કારકિર્દીના બીજા વિકલ્પોના સમકક્ષ મૂકવા કેન્દ્રિત પ્રયાસો હાથ ધર્યાં છે. ઉદ્યોગસાહસિકતાને કારકિર્દીના એક સ્વાભાવિક વિકલ્પ તરીકે પ્રોત્સાહિત કરવાની જરૂર છે અને તેને શિક્ષણનો એક હિસ્સો બનવો જોઇએ કે જ્યાં વિદ્યાર્થીઓ નાની ઉંમરેથી જ સફળતાના ગુણો અને મૂલ્યો ગ્રહણ કરે, જેના થકીતેઓ ઉદ્યોગસાહસિકતાને કારકિર્દીના સ્વભાવિક વિકલ્પ તરીકે પસંદ કરવા પ્રેરાય."



ઉદ્યોગસાહસિકતા માટેના આજના સાનુકૂળ માહોલ વિશે વાત કરતાં રાજ્યપાલે ઉમેર્યું હતું કે, "ભારત તેની વૃદ્ધિમાં ઉદ્યોગસાહસિકોના મહત્વને સમજે છે અને તેને પ્રોત્સાહન આપે છે. આ માટે દેશમાં સક્રિય પગલાં, અનુકૂળ નીતિઓ અને સહયોગી

વાતાવરણ તૈયાર કરાયું છે. લખનઉમાં યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર તરીકે હું યુવાનોને ઇનોવેશન, ઉદ્યોગસાહસિકતા અને સ્ટાર્ટ-અપ્સના મહત્વથી પરિચિત કરાવવાનો પ્રયાસ કરી રહી છું, કારણકે આ ક્ષેત્રો દેશનું ભવિષ્ય છે.”

ઇન્સ્ટિટ્યૂટના આધુનિક પ્રોગ્રામને હાઇલાઇટ કરતાં રાજ્યપાલે વધુમાં જણાવ્યું હતું કે, “ઇડીઆઇઆઇનો અભ્યાસક્રમ અને શૈક્ષણિક પદ્ધતિઓ સમકાલીન છે તથા તેના 78 ટકા ભુતપૂર્વ વિદ્યાર્થીઓએ બિઝનેસમાં હાંસલ કરેલી સફળતામા તે પ્રદર્શિત થાય છે. ઇડીઆઇઆઇમાં પ્રશિક્ષિત કેટલાંક ઉદ્યોગસાહસિકોએ પ્રતિષ્ઠિત પ્લેટફોર્મ્સ ઉપર એવોર્ડ મેળવ્યાં છે.”



ઇડીઆઇઆઇના પ્રેસિડેન્ટ તથા આઇડીબીઆઇ બેંકના મેનેજિંગ ડાયરેક્ટર અને સીઇઓ રાકેશ શર્માએ તેમના સ્વાગત પ્રવચનમાં ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાના ઇન્સ્ટિટ્યૂટના પ્રયાસો ઉપર ભાર મૂકતાં કહ્યું હતું કે, ”ઇડીઆઇઆઇ ઇનોવેટિવ મોડલ્સ દ્વારા વિવિધ સેગમેન્ટ્સ અને સેક્ટર્સમાં ઉદ્યોગસાહસિકતા અને સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન આપી રહ્યું છે. તેની માટે ઇન્સ્ટિટ્યૂટ ઉભરતાં ઉદ્યોગસાહસિકો, વર્તમાન ઉદ્યોગસાહસિકો, ઇન્ક્યુબેશન સેન્ટર્સ, વેન્ચર કેપિટાલિસ્ટ્સ અને નીતિ ઘડવૈયાઓ જેવાં હીતધારકો વચ્ચે રચનાત્મક સંકલન પણ કરી રહ્યું છે.”

તેમણે ઉમેર્યું હતું કે, ”આજે, ઇડીઆઇઆઇના પ્રયાસોના સકારાત્મક પરિણામો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે જોવા મળી રહ્યાં છે. ઇન્સ્ટિટ્યૂટ કેન્દ્ર અને રાજ્ય સરકારોના વિવિધ મંત્રાલયો અને વિભાગો સાથે કામ કરી રહી છે તેમજ દેશમાં

વવિધિ રાજ્યો અને કેન્દ્રશાસતિ પ્રદેશોમાં મજબૂત ઉપસ્થતિ ધિરાવે છે. તાજેતરમાં ઉઝબેકસ્તિાન અને રવાન્ડામાં આંત્રપ્રનિ્યોરશીપ ડેવલપમેન્ટ સેન્ટર્સની સ્થાપના સાથે વકિસતિ દેશોમાં આવા સેન્ટરસની સંખ્યા વધીને 6 થઇ છે. ભુટાન અને બીજા ચાર આફ્રકિન દેશોમાં સેન્ટર્સ સ્થાપવાનું કામ પ્રગતમિાં છે."

શર્માએ ઇન્સ્ટટિ્યૂટના વદ્યિાર્થીઓ અને પૂર્વ વદ્યિાર્થીઓની સદ્ધિઓિની પ્રશંસા કરતાં ઉમેર્યું હતું કે, "ઇડીઆઇઆઇના વદ્યિાર્થીઓએ ટેક્સટાઇલ્સ, સરિામકિ, આઇટીઇએસ, ફૂડ પ્રોસેસગિ, લોજીસ્ટક્સિ, કેમકિલ્સ, હોસ્પટિાલટિી અને બીજા ઉભરતાં સેક્ટર્સમાં તેમની વશિષ્ટિ ઓળખ પ્રસ્થાપતિ કરી છે."

ઇડીઆઇઆઇના ડાયરેક્ટર જનરલ ડો. સુનલિ શુક્લાએ રાજ્યપાલ અને બીજા મહાનુભાવોનો આભાર વ્યક્ત કર્યો હતાં તથા નવા ઉદ્યોગસાહસકિોને ક્રાઇસસિ મેનેજમેન્ટની સમજણ કેળવવા અને નવી ટેક્નોલોજી અપનાવવાની તૈયાર રાખતા સર્વગ્રાહકી આકસ્મકિ યોજના તૈયાર રાખવાની સલાહ આપી હતી.



ડો. સુનલિ શુક્લાએ કહ્યું હતું કે, "દેશને પ્રશક્ષિતિ ઉદ્યોગસાહસકિોની જરૂર છે કે જેઓ ઉભરતાં ક્ષેત્રોમાં ન્યુ એન્ટરપ્રાઇઝ ક્રએિશનને આગળ વધારવા ઇચ્છુક હોય. આજે નીતઓિ અને માહોલ ખૂબ જ અનુકૂળ છે. વદ્યિાર્થીઓ માટે ઘણી લાભદાયી તકો છે કે જ્યાં તેઓ તેમના જ્ઞાન, કૌશલ્યો અને દ્રષ્ટકિોણની મદદથી એક ઉદ્યોગસાહસકિ તરીકે મોટું કામ કરી શકે છે."

ઉલ્લેખનીય છે કે કૌશલ્ય વકિાસ અને ઉદ્યોગસાહસકિતા મંત્રાલયની માન્યતા પ્રાપ્ત ઇડીઆઇઆઇના સેન્ટર ઓફ એક્સલન્સે દેશભરમાં વાર્ષકિ 80,000થી 1,00,000 ઉદ્યોગસાહસકિોને તાલીમ આપી છે. તેમજ ઉદ્યોગસાહસકિતામાં વશ્વિના સૌથી મોટા અભ્યાસ – 'ગ્લોબલ આંત્રપ્રનિ્યોરશીપ મોનટિર'ના ઇન્ડયિા ચેપ્ટરનું નેતૃત્વ કર્યું છે.